કેન્દ્રીય પુરસ્કૃત:- માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ.)નું અમલીકરણ અને વહીવટ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન કચેરીને સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૬-૪૩૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯-૦૩-૨૦૧૬

વંચાણે લીધા:

૧) માનવ સંશાધન મંત્રાલય, ભારત સરકારનો તા.૨૪-૦૭-૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: **F.No. 1-15/ 2010-Sch.1**

૨) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) કચેરીની તારીખ વગરની જાન્યુ.-૨૦૧૬ની નોંધ.

આમુખ:

ઉપર વંચાણે લીધા ક્રમાંક ૧)માં જણાવેલ ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૨૪-૦૭-૨૦૧૩ના ઠરાવથી કેન્દ્રીય પુરસ્કૃત: માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ.) યોજનાને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) યોજના હેઠળ આવરી લેવામાં આવેલ. તે સંદર્ભે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) કચેરીની તારીખ વગરની જાન્યુ.-૨૦૧૬ની સીંગલ ફાઈલની નોંધથી વિભાગને મળેલ દરખાસ્ત અન્વયે કેન્દ્રીય પુરસ્કૃત: માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ.)નું અમલીકરણ અને વહીવટ જી.સી.ઈ.આર.ટી. કચેરીની જગ્યાએ રાષ્ટીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરીને સોંપવાની બાબત વિભાગ કક્ષાએ વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

ભારત સરકાર દ્વારા જ્યારે કેન્દ્રીય પુરસ્કૃત: માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ.)ને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) હેઠળ આવરી લેવામાં આવેલ છે ત્યારે ઉપર આમુખમાં જણાવેલ સંજોગોમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) કચેરી પાસેથી માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ.)ની કામગીરી લઈને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરીને આ યોજનાની કામગીરી સુપ્રત કરવા આથી નીચેની શરતોને આધિન અનુમતિ આપવામાં આવે છે:

(૧) કેન્દ્રીય પુરસ્કૃત: માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમિલિત શિક્ષણ યોજના (આઈ.ઈ.ડી.એસ.એસ.) યોજનાના અમલીકરણ અને વહીવટની કામગીરી હવેથી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) કચેરીની જગ્યાએ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા

અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરીએ સંભાળી લેવાની રહેશે અને વિભાગને તાત્કાલિક તેનો રિપાર્ટ રજૂ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત યોજનાના અમલીકરણ અને વહીવટની કામગીરી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.)કચેરી હસ્તકના વહીવટી સ્ટાફે જ કરવાની રહેશે.

(૩) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) કચેરી હસ્તકના આઈ.ઈ.ડી.એસ.એસ. સેલમાં હાલ કાર્યરત ડેપ્યુટેશન/લોન સર્વિસ પરના તમામ શૈક્ષણિક સ્ટાફને વિદ્યાર્થીઓના તથા વહીવટના હિતમાં તેમની મૂળ જગ્યાએ પરત મોકલી આપવાના રહેશે.

(૪) પ્રસ્તુત યોજનાને લગતું તમામ રેકર્ડ અસલમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) કચેરીએ રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરીના જવાબદાર અધિકારીને હાથોહાથ સુપ્રત કરવાનું રહેશે તથા આ અંગેની તમામ જવાબદારી જી.સી.ઈ.આર.ટી. કચેરીના નિયામકશ્રીની રહેશે તથા રેકર્ડ મેળવી લેવાની જવાબદારી રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરીના નિયામકશ્રીની રહેશે.

(૫) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.) એ આ અંગેનું તમામ રેકર્ડ અસલમાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરીના જવાબદાર અધિકારીને સોંપી તેની પહોંચ વિભાગ કક્ષાએ નાયબ સચિવ કે તેનાથી ઉપરના અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે.

(૬) પ્રસ્તુત ઠરાવનો અમલ ઠરાવ બહાર પડ્યા તારીખથી કરવાનો રહેશે.

(૭) ઉપરની તમામ બાબતોનો અમલ થાય તે જોવાની સંયુક્ત જવાબદારી જી.સી.ઈ.આર.ટી. કચેરીના નિયામકશ્રી તથા આર.એમ.એસ.એ. કચેરીના નિયામકશ્રીની રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી તારીખ: ૮-૦૩-૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.બી.ભટ્ટ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (પ્રા.શિ.&મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઈ.આર.ટી.), 'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, રાષ્ટીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) કચેરી, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સ્કૂલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઈન્ચાર્જશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ. (વેબસાઈટ પર મૂકવા સારું)
- સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.